# કનિષ્ક પહેલાની રાજકીય અને સાંસ્કૃતિક સિધ્ધિઓ

# પ્રકરણ રચના

- પ્રસ્તાવિક
- કનિષ્ક પહેલાની સત્તા પ્રાપ્તિ.
- રાજ્ય વિસ્તાર અને રાજકીય સિધ્ધિઓ.
- કનિષ્ક પહેલાના બિરુદો અને સિક્કાઓ.
- કનિષ્કાની સાંસ્કુતિક સિધ્ધિઓ. (ધર્મ ભાવના અને ધાર્મિક નીતિ,  શક સંવત નું પ્રવર્તક, કળા અને કેળવણીના આશ્રય દાતા.)

# પ્રાસ્તાવિક

- મૌર્ય સામ્રાજ્ય ના પતન બાદ ભારતની છિન્નભિન્ન રાજકીય પરિસ્થિતિ નો લાભ લઈને વાયવ્ય સરહદના માર્ગો થી અનેક વિદેશી પ્રજાના હુમલા ઓ શરૂ થયા. તેમાં યવન, શક, કુષાણો વગેરે મુખ્ય હતા.
- ચીનની વાયવ્ય સરહદની બાજુમાં આવેલ કાનસુ પ્રાંતમાં રહેતી યુહેચી જાતિના હતા. તેમને ઇ.સ.પૂર્વે 165 માં હુણો એ હાંકી કાઢ્યા એટલે તેઓ ઈરાન, અફઘાનિસ્તાન તરફ આગળ વધ્યા અને ઓકસસ નદીના બલ્ક (બેકેટ્રીયા) પ્રદેશ માં વસ્યા. અહીં તેઓ 5 શાખામાં વહેંચાઈ ગયા. દરેક શાખાએ પોતાનું સ્વતંત્ર રાજ્ય સ્થાપ્યું. આમાની એક શાખા તે કુષાણ.
- ઇ.સ.ના પ્રારંભમાં કુષાણ જાતિમાં વાઙ્ગ કે કુજૂલ કડફિસિસ, કુષાણ વંશનો પ્રથમ રાજવી થયો. જેણે યુહેચી જાતિની પાંચેય શાખાઓને એકત્રિત કરી કુષાણ રાજયની સ્થાપના કરી.

# કનિષ્ક પહેલાની સત્તા પ્રાપ્તિ.

- વિમ કડફિસીસના મૃત્યુ બાદ એના કેટલાંક કુષાણ સુબાઓ સ્વતંત્ર થઈ મહારાજ, રાજાધિરાજ અને ત્રાતાર જેવા મહાબિરૂદ ધારણ કરવા માંડ્યા. એમાના કુજૂલ-કડફિસિસે દેવપુત્રનું નવું ધારણ કર્યું. એ સર્વ મહાત્વાકાંક્ષી કુષાણની સ્પર્ધામાં કનિષ્ક થોડા વખતમાં સમસ્ત કુષાણ રાજયનો સ્વામી બન્યો.

# રાજ્ય વિસ્તાર અને રાજકીય સિદ્ધિઓ.

- કનિષ્ક પહેલા ના અભિલેખ ઉત્તર પ્રદેશ, પંજાબ, વાયવ્ય સરહદ પ્રાંત અને ભાગલપુર જિલ્લામાં મળ્યાં, ઉપરાંત મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર અને ગુજરાતનાં પ્રદેશો પર એની આણ પ્રવર્તતી. પૂર્વમાં કોશલ અને મગધ સુધી વિજય કુચ કરી હતી. બંગાળ, ઓરિસ્સા અને નેપાલમાં એનો પ્રભાવ વર્તાતો. કાશ્મીર પર એનું શાસન હતું. હાલના પાકિસ્તાન અને અફઘાનિસ્તાન નો ઘણો ખરો પ્રદેશ એની સત્તા નીચે હતો. એણે પશ્ચિમ ગંધાર ના પુરુષપૂર જે હાલનું પેશાવર છે, ત્યાં તેની રાજધાની હતી. આ ઉપરાંત ચીન પર આક્રમણ કરી  કાશગર, ખોતાન અને યાશકંદ એ ત્રણ સમૃધ્દ્ પ્રદેશો જીતી લીધા. ત્યાના બે રાજકુમારોને પોતાને ત્યાં રાખ્યા. પાછળ થી ચીનના શહેનશાહ હોત્તિના પ્રતાપી સેનાપતિ પાનચાઓ એ 17 હજાર અશ્વ દળથી કુષાણ સેનાનો પરાભવ કર્યો હતો. આથી કનીષ્ક ને ચીનના ત્રણ પ્રદેશો ગુમાવ્યા. અલબત પામેરનો પ્રદેશ કનિષ્કને મળ્યો.
- આમ, કનિષકનું સામ્રારાજ્ય રોમ, ઈરાન અને ચીન સુધી વિસ્તૃત હતું.

# કનિષ્ક પહેલા ના બિરુદ અને સિક્કા ઓ.

- કનિષ્ક “મહારાજ” “રાજાધિરાજ” “દેવપુત્ર” અને “શહેનશાહ” જેવા મહાબિરૂદ ધરાવતો.
- એના સિક્કાઓના પૃષ્ઠભાગ પર શૈવ, બૌધ્ધ, ઈરાની, સુમેરિયન અને ગ્રીક દેવ દેવીઓની આકૃતિ નજરે પડે છે.
- એના સિક્કા પર ગ્રીક ભાષા અને ગ્રીક લિપિ જ પ્રયોજાતી હતી. એ રાજભાષાનું માધ્યમ સૂચવે છે.

# કનિષ્ક પહેલાની સાંસ્કૃતિક સિદ્ધિઓ.
# ધર્મ ભાવના અને ધાર્મિક નીતિ:

- કનિષ્ક એક બૌધ્દ્ધ ધર્મનો ચુસ્ત અને આગળ પડતો અનુયાયી હતો. બૌધ્દ્ધ ધર્મના રાજવી આશ્રય દાતા ઓમાં અશોક પછી કનિષ્કની ગણના કરવામાં આવે છે. પાટનગર પુરુષપૂરમાં અનેક ભવ્ય બૌધ્દ્ધ સ્મારકો બંધાવ્યા હતા. જેમાનો એક વિહાર એનો ઉત્તુંગ સ્તૂપ અનેક સદીઓ સુધી બૌધ્દ્ધ જગતમાં સુપ્રસિધ્દ્ધ ગણાતો. ચીની મુસાફરોએ આનો ઉલ્લેખ કર્યો છે.
- એણે બૌધ્દ્ધ ભિક્ષુઓની 4 થી પરિષદ બોલાવી. એના અધ્યક્ષપદે વસુમિત્ર નામે પ્રખર વિદ્વાન હતા. અને ઉપાધ્યક્ષ તરીકે કવિ અશ્વઘોષ હતા. આ પરિષદમાં 500 પંડિતોએ સક્રિય ભાગ લીધો. તેના પરિણામે મહાવી ભાષા ગ્રંથ તૈયાર થયો. બૌધ્દ્ધ સંઘમાં મહાયાન નામે સુધારક સંપ્રદયને પ્રતિષ્ઠા મળી. મહાન રસાયણ વિજ્ઞાની નાગાર્જુન અને આયુર્વેદના આચાર્ય ચરક પણ કનિષ્કના દરબાર માં પ્રોત્સાહન પામ્યા. કનિષ્ક કલા અને સાહિત્યનો આશ્રયદાતા હતો. તેના સામ્રારાજ્યમાં અનેક સંસ્કૃતિણો સંગમ થયો.
- શક સંવત નું પ્રવર્તક,
- કલા અને કેળવણી ના આશ્રય દાતા.

# કનિષ્ક પહેલાની સાંસ્કૃતિક સિધ્દ્ધિઓ.
# શક સંવતનો પ્રવર્તક

- કનિષ્કના અભિલેખોની મિતિ (સંવત) એના રાજયકાળના આપવામાં આવી છે, પરંતુ એના ઉતરાધિકારીઓએ ત્યાંથી સળંગ વર્ષ સંખ્યા ચાલુ રાખીને એક સળંગ સંવત પ્રવર્તાવ્યો છે. આ સંવત આગળ જતાં શક સંવત તરીકે જાણીતો થયો એવું ઘણા વિદ્વાનો માને છે. શક સંવતની ઉત્પતિ કનિષ્ક પહેલાના રાજ્યારોહણ થી થઈ હોય એ ગણતરી એના રાજ્યનો આરંભ ઇ.સ.78માં થયો હોય એમ ગણાય છે. તે આશરે ઇ.સ. 101 કે 102માં મૃત્યુ પામ્યો.

# કનિષ્ક પહેલાની સાંસ્કૃતિક સિધ્ધિઓ. કલા અને કેળવણીના આશ્રય દાતા.

- કનિષ્ક પહેલો કલા અને કેળવણીના મહાન આશ્રય દાતા હતો.
- કનિષ્ક પહેલાના રાજ દરબારનો સાહિત્ય સ્વામી અશ્વઘોષ કવિ, ફિલસૂફ. નાટયકાર, અને સંગીતકાર હતો. તેણે બુધ્ધ ચરિત્ર અને સુત્રાલંકાર લખ્યા હતા.
- નાગાર્જુન ફિલસૂફ અને વિજ્ઞાની હતો. તેણે માધ્યમિકાસુત્ર ગ્રંથમાં સાપેક્ષવાદના સિધ્ધાંત રચ્યો હતો.
- વસુમિત્ર મહાવીભાષ શાસ્ત્રનો રચનાર હતો. જેમાં બૌધ્ધ ધર્મનો સર્વસંગ્રહ કરવામાં આવ્યો છે.
- માઠર એક અદ્વિતીય રાજનીજ્ઞ પુરુષ હતો. તેણે અને બીજાગ્રીક ઇજનેર એજીસીલોસ જેવાએ ધાર્મિક, સાહિત્યિક, વૈજ્ઞાનિક, તત્વજ્ઞાનની અને કલાત્મક પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવામાં મહત્વનો ભાગ ભજવ્યો હતો.
- કનિષ્ક પહેલાને બાંધકામનો શોખ હતો. પેશાવર, મથુરા, કનિષ્કપુર અને તક્ષશિલામાં અનેક મહાન ઇમારતો અને કલા કૃત્તિઓનું સર્જન કરવામાં આવ્યું હતું. મથુરા કલા નું ધામ બન્યું હતું. તેમાં વિશાળ વિહારો, પ્રતિમાઓ અને શિલ્પના સુંદર નમુનાઓ હતા.
- કનિષ્કનું માથા વગરનું પૂતળું મળી આવ્યું છે.
- સતત યુધ્ધ થી કંટાળેલા તેના સૈનિકોએ તેનો વધ કર્યો હતો.